**O Lord**, **eternal Teacher,** Thou whom we can neither name nor understand, but whom we want to realise more and more at every moment, enlighten our intelligence, illumine our hearts, transfigure our consciousness; may everyone awaken to the true life, flee from egoism and its train of sorrow and anguish, and take refuge in Thy divine and pure Love, source of all peace and all happiness. My heart so full of Thee seems to expand into infinity and my intelligence, all illumined with Thy Presence, shines like the purest diamond. Thou art the wonderful magician, he who transfigures all things, from ugliness brings forth beauty, from darkness light, from the mud clear water, from ignorance knowledge and from egoism goodness.

In Thee, by Thee, for Thee we live and Thy law is the supreme master of our life.

May Thy will be done in every place, may Thy peace reign upon all the earth.

– The Mother

**હે પ્રભુ, શાશ્વત ગુરુ,** તને અમે આમ તો કોઈ નામ આપી શકતા નથી, તેમજ સમજી શકતા પણ નથી, તો પણ પ્રત્યેક પળે તારો વધુ ને વધુ સાક્ષાત્કાર કરવાની ઇચ્છા તો રાખીએ જ છીએ. તો હવે અમારી બુદ્ધિને જ્ઞાનનો પ્રકાશ આપો, અમારાં હૃદયમાં તેજ પૂરો, ચેતનાને પલટી આપો. હરેક વ્યક્તિ સાચા જીવન પ્રત્યે જાગૃત બનો, અહંકારમાંથી અને તેની સંતતિરૂપ શોક અને વ્યથામાંથી મુક્ત બનો, અને એ રીતે, સકલ શાંતિ અને સુખના મૂલ રૂપ એવા તારા દિવ્ય વિશુદ્ધ પ્રેમની અંદર આશ્રય પ્રાપ્ત કરો. મારું હૃદય તારાથી સભર ભરાઈ ગયું છે અને તે હવે જાણે કે સારીયે અંનતતામાં વિસ્તરી રહ્યું છે, મારી બુદ્ધિ તારા સાંનિધ્યને લીધે સારીયે પ્રકાશિત બની રહેલી છે. અને એક અત્યંત શુદ્ધ હીરાની માફક તે ચમકી રહેલી છે. તું મહા અદ્‌ભુત જાદુગર છે, તું હરેક ચીજને પલટી દે છે, કુરૂપતામાંથી તું સૌન્દર્ય સર્જે છે, અંધકારમાંથી તું પ્રકાશ પ્રગટાવે છે, કાદવમાંથી તું નિર્મળ પાણી વહાવે છે. અવિદ્યામાંથી તું જ્ઞાન ઉત્પન્ન કરે છે અને અહંકારમાંથી તું પ્રેમાળતા સર્જે છે.

તારી અંદર, તારા દ્વારા, તારે અર્થે અમે જીવી રહ્યાં છીએ અને તારો વિશ્વ-નિયમ એ જ અમારા જીવનનો  પરમ અધિષ્ઠાતા છે.

હર સ્થળે તારો સંકલ્પ સિદ્ધ થાઓ, સારીયે પૃથ્વી ઉપર શાંતિનું શાસન સ્થાપિત બનો!

- શ્રી માતાજી

Prayers and Meditations - March 19, 1914 / પ્રાર્થનાઓ અને ધ્યાન - ૧૯ માર્ચ ૧૯૧૪

From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • November 2019
https://themothersprosperity.org

Prosperity

2019
NOVEMBER

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

૧ નવેમ્બર, ૨૦૧૯

## Grant, O Lord ... હે પ્રભુ, આપો

### વિરોધી શક્તિઓ

1/2 ... ૧/૨

**My thought** is filled with Thee, my heart is full, all my being is filled with Thy Presence, and peace grows ever deeper, giving rise to that happiness, so special, so unmixed, of a calm serenity, which seems vast as the universe, deep as the unfathomable depths which lead to Thee.

Oh, these silent and pure nights when my heart overflows and unites with Thy divine Love to penetrate all things, embrace all life, illumine and regenerate all thought, purify all feeling, awaken in every being the consciousness of Thy marvellous Presence and of the ineffable peace that flows from it!

Grant, O Lord, that this consciousness and peace may constantly grow within us, so that we may be more and more the faithful intermediaries of Thy divine and absolute law.

– The Mother

**મારું ચિત્ત** તારાથી ભરપૂર ભરેલું છે, મારું હૃદય સભર છે, મારું સારુંયે સ્વરૂપ તારા સાંનિધ્યથી ભરાઈ ગયેલું છે. શાંતિ વધુ ને વધુ વૃદ્ધિ પામી રહી છે, અને તે એક શાંત સ્વસ્થતામાંથી જન્મતું, એક વિલક્ષણ અને વિશુદ્ધ એવું સુખ જન્માવી રહી છે. એ સ્વસ્થતા તો જાણે કે સારાયે વિશ્વ જેટલી વિશાળ દેખાય છે, તારા પ્રત્યે લઈ જનારાં અગાધ ઊંડાણો જેટલી ગહન દેખાય છે.

આહ, આ શાંત અને નિર્મળ રાત્રિઓમાં છલકાતું હૃદય તારા દિવ્ય પ્રેમ સાથે મિલન પામે છે, અને એ રીતે તે પ્રત્યેક પદાર્થની ભીતર પ્રવેશે છે, સારાયે જીવનને તે પોતાના આશ્લેષમાં લે છે, વિચારમાત્રને તે પ્રકાશિત કરે છે, નવોદિત કરે છે, લાગણીમાત્રને તે વિશુદ્ધ કરે છે, અને તારા અદ્‌ભુત સાંનિધ્યની અને તેમાંથી પ્રગટતી અવર્ણનીય શાંતિની ચેતના સૌ કોઈની અંદર જગાડે છે.

હે પ્રભુ, આ ચેતના અને આ શાંતિ અમારી અંદર સદાય વૃદ્ધિ પામતાં રહો અને એ રીતે અમે તારા દિવ્ય અને પરમ શાસનનાં વધુ ને વધુ વફાદાર એવાં માધ્યમ બની રહીએ.

- શ્રી માતાજી

Prayers and Meditations - March 15, 1914 / પ્રાર્થનાઓ અને ધ્યાન - ૧૫ માર્ચ ૧૯૧૪

## — વિરોધી શક્તિઓ —

1/2 ... ૧/૨

**કેટલાક ઊંચી કોટિના પ્રાણમય જીવો** પણ હોય છે. દા.ત. અસુરોના પ્રાદુર્ભાવ આવા હોય છે. એવા જીવો કોઈ કારણસર એવો નિર્ણય લે છે કે મારે હવે પ્રભુના વિરોધી તરીકે રહેવું નથી. પણ પ્રભુના સંબંધમાં આવવું છે, અને પછી તે પોતાનું પરિવર્તન કરવાનો પ્રયત્ન કરે છે. આ જીવોને ખબર હોય છે કે આ માટેનો ઉત્તમ રસ્તો એ છે કે કોઈ માનવ શરીરમાં મળી જવું કે જેથી પોતે એક ચૈત્ય પુરુષના કાબૂ હેઠળ આવી શકે. એવા જીવો પછી માનવ શરીરમાં અવતાર લે છે, પણ તેમનો આ અવતાર ચૈત્ય પુરુષને હાંકી કાઢવા માટે તો ન જ હોય એ તમે સમજી શકશો. ઊલટું, એ જીવો પોતાનું પરિવર્તન સાધવા માટે પોતાની જાતને ચૈત્ય પુરુષના પ્રભાવ હેઠળ મૂકવાનો પ્રયત્ન કરવા માગતા હોય છે. એવા પણ દાખલા બનેલા છે કે, જોકે એ વારંવાર નથી બનતા, કે જેમાં માણસોને ઘણી અસાધારણ શક્તિઓ મળેલી જોવામાં આવે છે, તો એ લોકોને ઘણી જ અસાધારણ મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડતો હોય છે. એનું કારણ એ હોય છે કે આ લોકોમાં જે અસાધારણ શક્તિ અવતરી આવેલી હોય છે તે અત્યારે નહિ તો ભૂતકાળમાં એક વખતે વિરોધી રીતની શક્તિ હતી. આવા માણસો માટે પોતામાં ઊભી થતી આ મુશ્કેલીઓને, આ બળવાની ક્રિયાઓને નિર્મૂળ કરવી એ મહા કપરું કામ બની રહે છે. કેટલીક વાર તો એમાં માણસનું આખું જીવન પૂરું થઈ જાય છે.

એવા આસુરી જીવો પણ રહેલા છે કે તેમણે પોતાનું પરિવર્તન સાધવાનો પ્રયત્ન કરેલો હોય અને છતાં તેમાં સફળ થયા હોતા નથી. અને પછી તે જીવોને પોતે પસંદ કરેલાં શરીરમાંથી નીકળી જવું પડેલું હોય છે. એમને માટે આ એક મહા વિષમ કામ, કપરી મહેનતનું કામ હોય છે અને તે કરવાની શક્તિ તેમનામાં હોતી નથી.

બેશક, મેં આપેલા આ બધા દાખલા વિરલ બનતા હોય છે. તમને કાંઈ શેરીને ખૂણે ખૂણે આસુરી શક્તિના અવતાર રૂપ માણસો, કે પછી એ શક્તિએ પૂરેપૂરા કબજે લીધેલા માણસો મળી આવતા નથી. પરંતુ એવા દાખલા તો ઘણી વાર જોવામાં આવે છે કે જેમાં માણસ કોઈક આસુરી શક્તિના પ્રભાવ હેઠળ હોય તેમ જ એ પ્રભાવને વ્યક્ત કરતો હોય. ખાસ કરીને તો જે લોકો પૂરી પવિત્રતા પ્રાપ્ત કર્યા વિના યોગ શરૂ કરી દેતા હોય છે તેમની બાબતમાં આવું બનતું હોય છે. માણસ જ્યારે મહાત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને કે પછી મિથ્યાભિમાનમાંથી યોગ શરૂ કરે છે ત્યારે ઘણી વાર તે પોતાની જાતને આસુરી શક્તિઓના પ્રભાવ હેઠળ મૂકી દે છે.

વળી ઘણાએક લોકો અમુક ખાસ રીતે પણ આવી અસર હેઠળ આવી જતા હોય છે અને તે અકસ્માત જ બની જતું હોય છે એમ પણ નથી હોતું. કેટલાક ચૈત્ય પુરુષો અમુક ખાસ સંજોગોમાં જન્મ લેવાનું પસંદ કરતા હોય છે. તેમને એમ લાગતું હોય છે કે એ સંજોગોમાં તેમને પોતાને જોઈતો અમુક અનુભવ મળી રહેશે. અને પછી બને છે એવું કે કોઈ કારણોસર એ વાતાવરણ કોઈ વિરોધી શક્તિઓ પ્રત્યે ખુલ્લું થઈ ગયેલું હોય છે. એટલે પછી ચૈત્ય પુરુષે ધારણ કરેલું શરીર અમુક પ્રમાણમાં પેલા આસુરી પ્રભાવની હેઠળ આવે છે અને એ પ્રભાવની સામે એ આત્માએ જીવનભર એક ભયંકર સંગ્રામ ખેડયા કરવો પડે છે. બેશક, મેં કહ્યું તેમ, આ આત્માને જો પોતાના કરતાં કોઈ મહાન શક્તિનું આલંબન લેતાં આવડી જાય તો તે પેલા પ્રભાવને હરાવી શકે છે અને એક મહાન વિજય મેળવી શકે છે. આવા વિજયની અસર વ્યક્તિના અંગત જીવન કરતાં પણ ઘણી વિશેષ વ્યાપક બની રહે છે, એ વિજય આખીયે પૃથ્વીની અવસ્થા ઉપર અસર પાડી શકે છે.

આવો વિજય જ્યારે જ્યારે કોઈ વ્યક્તિ પ્રાપ્ત કરે છે ત્યારે ત્યારે તે પૃથ્વીના જીવનમાં એક મહત્ત્વની ઘટના બની રહે છે. એ વિજય પૃથ્વી પર એવી પરિસ્થિતિ તૈયાર કરતો જાય છે કે જેમાં પછી પૃથ્વી ઉપરથી આસુરી શક્તિઓ પૂરેપૂરી નાબૂદ થઈ ગઈ હશે. એવો વિજય પૃથ્વીના જીવનમાં એક મહાન પ્રગતિ રૂપ બની રહે છે.

**પ્રશ્નઃ આસુરી શક્તિઓ માટે પોતાનું પરિવર્તન સાધવું શક્ય છે ખરું?**

એ શક્તિઓ જો પરિવર્તન માગતી હોય તો પછી શક્ય કેમ ના હોય? વિશ્વમાં આવેલી સર્વ વસ્તુઓનું એક જ મૂળ છે, – અર્થાત્, જગતમાં બધું જ એક પરમ દિવ્ય મૂલમાંથી આવેલું છે. એટલે જગતની અન્ય વસ્તુઓની માફક આસુરી શક્તિઓ પણ એ દિવ્ય મૂલમાંથી આવેલી છે. એ શક્તિઓ પોતાના બંડને જો જતું કરે, પોતાની ભિન્નતાને જો મટાડી દે, અને પોતાના મૂલ પ્રત્યે પાછા જવાની જો અભીપ્સા કરે તો અવશ્ય તેઓ પોતાનું પરિવર્તન સાધી શકે છે. બેશક, આમાં માણસને પોતાની ભૂલો સુધારતાં જેટલો શ્રમ કરવો પડે તેના કરતાં આ શક્તિઓને તો ઘણી ઘણી વધારે મહેનત કરવાની રહે છે. અને એ રીતે આ શક્તિઓ માટે આ કામ ખૂબ જ અઘરું, અને તેથીયે વિશેષ તો વધારે ઊંડું પણ બની રહે છે. કારણ કે એ શક્તિઓના બળવાનાં મૂળ પણ એટલાં જ વધારે ઊંડાં હોય છે. આમ છતાંયે આ આસુરી શક્તિઓ પોતાના મૂળમાં તો પહોંચે જ છે. વળી આ શક્તિઓમાં આ માટેનું બળ પણ હોય છે. આ શક્તિઓ ખૂબ જ શક્તિશાળી હોય છે અને તેઓ જો નિશ્ચય કરે કે અમારે પોતાનું પરિવર્તન સાધવું છે તો તેઓ એ પરિવર્તન સાધી શકે પણ છે. અને આમ થતાં તેઓ પ્રભુના દિવ્ય કાર્ય માટેનાં અત્યંત અદ્ભુત કરણો બની રહે છે – પ્રભુના ભયંકરમાં ભયંકર દુશ્મનો તરીકે રહેલા હોય તેઓ પણ આવા બની જાય છે.

– શ્રી માતાજી

'દક્ષિણા'—એપ્રિલ ૧૯૫૭.
પુ.૧૦—અંક ૪—પૃ.૨૪૪-૪૫.